
# વિભાગ ૧



જીવન, મૃત્યુ અને ઢસરડા
સ્વર્ગ, નર્ક, અવકાશ
મકાન, મૉટેલ, ઘર

# જીવન, મૃત્યુ અને ઢસરડા

‘સંસાર અસાર છે. પ્રભુની લીલા અપરંપાર છે. પૈસો હાથનો મેલ છે. પુરુષાર્થ સિવાય પ્રારબ્ધ પાંગળું છે. વૃત્તિઓ નરકનું દ્વાર છે. સારાં કર્મો સ્વર્ગની સીડી છે. આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય.’

> આપણા રોજબરોજના જીવનમાં આ બધી ઉક્તિઓ જાણે કે સ્વાભાવિક બની ગઈ છે. મંદિર, મસ્જિદ, દેવળ, ઉપાશ્રય, કથાકીર્તન, ભજન-પ્રવચન... ચારેબાજુ આ બાબતોનું સમર્થન કરાય છે.

સંસારમાં જાતજાતના, ભાતભાતના લોકો છે. પશુપક્ષીઓ, ઝાડપાન, જીવજંતુઓ પણ આપણી સાથે જ આપણી જેમ જ જીવે છે. જીવન અને મૃત્યુ જરાક નિરાંતે સમજીએ.

> હું જીવંત છું. શ્વાસ ચાલે છે. હૃદય ધડકે છે. હું બોલી શકું છું. હું સાંભળી શકું છું. હું જોઈ શકું છું. હું હરીફરી શકું છું. હું ખાઈપી શકું છું. મારી ઇચ્છા પ્રમાણે આરામ કરી શકું છું. મારે મિત્રો છે. મારે સગાંસંબંધીઓ છે. મારે નામ છે. મારી એક પહેચાન છે.

મારું એક સ્વતંત્ર અસ્તિત્વ છે. મને ‘હું’ હોવાનું ગૌરવ અને અહં છે. મારે આદર્શો છે. મારે મૂલ્યો છે. મારે માન્યતાઓ અને રીતિરિવાજો છે. મારે એક ચોક્કસ દિનચર્યા છે. મારા એક નક્કી કરેલા ઢાંચા પ્રમાણે હું મારા સમયનો ઉપયોગ કરું છું. મારી ઇચ્છાઓ, મારી અપેક્ષાઓ અને મારી જવાબદારીઓ પ્રમાણે હું મારી સમૃદ્ધિનો ઉપયોગ કરું છું.

> મને ભય છે. મને બીક છે. મને ચિંતાઓ છે. મને ઈર્ષ્યા અને દ્વેષ છે. જ્યાં સુધી શરીર ચાલે છે ત્યાં સુધી મારે મારી જવાબદારીઓ અને ફરજો નિભાવવી જ છે. હું સંસારી છું એટલે આ બધું, આવું બધું હોય જ!

મારા દાદા તેમની આબરૂ, ખાનદાની અને પ્રતિષ્ઠા પ્રમાણે જીવ્યા. મારા પિતાશ્રી પણ તેમની સૂઝ અને સમજ પ્રમાણે જીવ્યા. મારે મારું જીવન પણ મારી રીતે, મારી બુદ્ધિને માફક આવે એ રીતે, મારા સંજોગો માન્ય કરે એ રીતે વિતાવવું છે. આ જવાબદારીઓમાંથી છટકવાની વાત નથી. આ સમાજ સામે બંડ પોકારવાની વાત નથી. આ સગાંસંબંધીઓને નકારવાની વાત નથી.

આ બાબત છે મને મળેલા આ અમૂલ્ય જીવનનો ઈશ્વરની કૃપા સમજી જીવનની સાર્થકતાના સંદર્ભમાં માનવજીવનના કલ્યાણ અર્થે કશુંક કરી જવાની.

મારે એક સામાન્ય માણસની માફક જીવવું નથી. મારે એક સામાન્ય માણસની માફક મરવું નથી. સ્વચ્છ, સરળ, પ્રામાણિક જીવન જીવતાં જીવતાં ક્યાંક કશુંક સારું કરી શકું, ક્યાંક કોઈને કામમાં આવી શકું. કશી અપેક્ષા કે શરત સિવાય, કશા વળતર કે કશી ગણતરી સિવાય, જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય કે સરહદો કે ચામડીના રંગભેદ સિવાય, 'વસુધૈવ કુટુંબક્‌મ'ના સિદ્ધાંત પ્રમાણે, સમગ્ર માનવસમુદાયને ધ્યાનમાં રાખી કશુંક સારું કરી શકું... શરીર કામ કરતું બંધ થઈ જાય તે પહેલાં! એટલે કે અત્યારે હું જીવંત છું ત્યારે... આમ કરી શકું.

દરેક જીવંત વસ્તુનો અંત નક્કી જ છે. મારો અંત પણ નક્કી જ છે. મારો અંત ક્યારે છે એની મને ખબર નથી. અને જો મને મારા અંતની ખબર ન હોય તો, અત્યારે જ્યારે હું જીવંત છું તે જ જીવન કહેવાય!

જો હું આ બાબત સમજી લઉં કે જીવન એ આ હયાત પળ છે, જો હું માની લઉં કે જીવનને લંબાઈના સંદર્ભમાં ન માપી શકાય, જો હું માની લઉં કે જીવનને 'ભેગું કરવા' સાથે સંબંધ નથી, તો પછી અત્યારે, આ પળે જ હમણાં જ હું કશુંક સારું કરી શકું. મારા માટે મારા જીવનનો આ જ અર્થ હોઈ શકે.

માત્ર મારા માટે જ કરવાનું તો બહુ સહેલું છે. મારા સિવાયના માટે કશુંક કરું તો મને એક વિશિષ્ટ આનંદનો અનુભવ થશે. અને તો, હું મને જીવન આપનાર ઈશ્વરનો આભારી થઈશ. હું મારું જીવન આમ જીવી શકું જ.

શરીરનું કામ કરતું બંધ થઈ જવું, શ્વાસ અટકી જાય, હૃદય ધબકતું બંધ થઈ જાય, શરીરનું સૂત્રધાર મગજ એનાં બધાં જોડાણો બંધ કરી દે,

દરેક જીવંત વસ્તુનો અંત નક્કી જ છે. પશુપક્ષી, ઝાડપાન આ બધાં માટે સાચું છે. દરેક જીવંત વસ્તુને એક નક્કી કાળક્રમ છે, પણ કોનો કેટલો કાળ એ કોઈને ખબર નથી.

મૃત્યુ નિશ્ચિત છે, પણ મૃત્યુ ક્યારે એ અનિશ્ચિત છે. આ આખી બાબત સાવ સ્વાભાવિક છે. મારી આજુબાજુ આ સાબિત કરવા પૂરતા

પુરાવા છે. અને છતાં, હું એ બાબતને નકારું છું. હું મૃત્યુની સાથે બીક અને ભય સાંકળું છું. હું મૃત્યુ નામની બાબતને મારી અપેક્ષાઓ અને મારી જવાબદારીઓ સાથે સાંકળું છું. હું મારી ઇચ્છાઓ અને જવાબદારીઓને 70-75 વર્ષના આયુષ્યકાળને ધ્યાનમાં રાખી એટલા લાંબા અને એટલાં અધૂરાં બનાવું છું કે મને સતત બીક અને ચિંતા રહે છે કે જો મારું શરીર કામ કરતું બંધ થઈ જાય તો મારી બાકી રહેલી ઇચ્છાઓ અને જવાબદારીઓનું શું? અને એટલે જ મને મૃત્યુની બીક લાગે છે!

જો હું મૃત્યુની વાસ્તવિકતા અને નિશ્ચિતતા સ્વીકારી લઉં, જો હું મૃત્યુની વાસ્તવિકતા અને નિશ્ચિતતા સમજી લઉં તો મારે મૃત્યુથી ગભરાવાની જરૂર નથી. જો હું મૃત્યુની વાસ્તવિકતા અને નિશ્ચિતતા સમજી લઉં મારે મારી ઇચ્છાઓ અને જવાબદારીઓના એ લાંબા લિસ્ટની ચિંતા કરવાની જરૂર નથી. બીજી જ પળે મારું મૃત્યુ થઈ શકે એ બાબતને સ્વીકારી લઉં તો એ સ્પષ્ટ થઈ જાય કે આ હયાત પળ એ જ મારું જીવન છે!

અને તો હું એ નક્કી કરી શકું કે હું આ પળે જ્યારે જીવંત છું ત્યારે શું કરી શકું! અને આ જ સાચું છે.

મારાં નક્કી થયેલાં કામોમાંથી સૌથી મહત્ત્વનું પસંદ કરી માત્ર એ કામ પર જ ધ્યાન આપું, કારણ કે જો બીજી પળે હું જ નહીં હોઉં તો... એ કામોની લાંબી યાદીની ચિંતા કરવાનો શો અર્થ? મૃત્યુની બીક એટલા માટે લાગે છે કે હું મારાં કામોની લાંબી યાદીની ચિંતા કરું છું! અને આમ ને આમ આ પળને માણવાનું ભૂલીને, ભૂતકાળ અને ભવિષ્યકાળના સંદર્ભમાં જીવતો હું જીવનને માણ્યા સિવાય... ઘરડો થઈ જાઉં છું!

કમનસીબી તો એ છે કે હું મૃત્યુની ચિંતામાં જીવવાનું ભૂલી જાઉં છું! જીવન જીવવાનું મહત્ત્વનું કામ ભૂલી જઈને જીવનને ઢસરડામાં ફેરવી નાખું છું! મારી ચિંતાઓ અને મારી જવાબદારીઓના બહાના હેઠળ હું મારી જાતે જ મારા જીવનને બોજારૂપ બનાવી દઉં છું. હું માણવાનું ભૂલી જાઉં છું. હું માનવજીવનનું મહત્ત્વ ચૂકી જાઉં છું. વધારે ભેગું કરવાની એષણાને કારણે મારું જીવન એક બોજ બની જાય છે!

મારે કેવી રીતે જીવવું એ મારા હાથની બાબત છે. જો હું ભેગું કરવાની

ભાંજગડમાં પડતો નથી, જો હું હુંસાતુંસી, સ્પર્ધા કે સરખામણીમાં પડતો નથી, જો હું સ્વચ્છ, સરળ અને પ્રામાણિક જીવન જીવું છું, જો હું જે છે તેનો મારી સૂઝ, સમજ અને શક્તિ પ્રમાણે હિંમતપૂર્વક સામનો કરું છું તો જીવન માણવા યોગ્ય જ છે!

> માનવજીવનનો ઉપયોગ સાંસારિક જવાબદારીઓના આટાપાટામાં અટવાવાને બદલે સંતોષ, આનંદ અને કૃતજ્ઞતાથી વિતાવીને મારા જીવનને સાર્થક બનાવી શકું.

જો હું મારી આ હયાત પળને માણવાનું ચૂકી જઈશ તો મારું આ જીવન છેવટે ઢસરડાવાળું જ સાબિત થશે! હું જ્યારે જીવંત છું ત્યારે મારી આ હયાત પળને માણું. મને ખાતરી છે કે હું જ્યારે કૉફિનમાં સૂતો હોઈશ ત્યારે મારા મોં પર સ્મિત અને સંતોષની લકીરો હશે, અજંપો, વેદના કે ઢસરડાની લાગણીઓ નહીં! અને આ મારા હાથની વાત છે.

◈

# સ્વર્ગ, નર્ક અને અવકાશ

એક સંબંધી મને પૂછી બેઠા, 'મારા મૃત્યુ પછી મને સ્વર્ગ મળશે કે નર્ક?' પ્રશ્ન હળવાશથી પુછાયો હતો, પણ પ્રશ્ન ગંભીર હતો. સ્વર્ગ અને નર્કના ખ્યાલો નવા નથી. કોઈ જાતિ કે વર્ગ પૂરતા મર્યાદિત પણ નથી. આપણે બધાં 'મૃત્યુ પછી શું?' એ વિશે વિચારીએ છીએ.

> સંબંધીનું કહેવું હતું કે, તેમણે એવાં તો સત્કાર્યો કર્યાં નથી કે તેમને સ્વર્ગની પ્રાપ્તિ થાય. તેમણે એવાં કુકર્મો પણ નહોતાં કર્યાં કે તેમને નર્કની પ્રાપ્તિ થાય. તો પછી પ્રશ્ન એ થાય છે કે મૃત્યુ પછી તેમની પધરામણી ક્યાં થશે?

દરેક વ્યક્તિ 'મૃત્યુ પછી શું?' એ વિચારે છે. મોક્ષ, નિર્વાણ, અક્ષરધામ જેવા શબ્દો આપણે દરરોજ સાંભળીએ છીએ. સ્વર્ગ અને નર્કના ખ્યાલો છેવટે તો મારે મારું જીવન કેવી રીતે જીવવું એ માટે એક આચારસંહિતા નક્કી કરે છે. સ્વર્ગ અને નર્કના ખ્યાલોને મારાં કર્મો સાથે સંબંધ છે. એટલે કે હું મારું જીવન એક ભક્ત તરીકે જીવું છું કે પછી હું મારું જીવન એક દુર્જન તરીકે જીવું છું.

> આ સંદર્ભમાં સ્વર્ગ કે નર્કની કલ્પના ખરેખર તો મારા મૃત્યુ પછીની બાબત નથી, પરંતુ આ મારા હયાત જીવનની બાબત છે. જો હું એક સજ્જન તરીકે મારું જીવન જીવું છું તો સ્વર્ગ અહીં જ છે, આજે જ છે. મૃત્યુ પછી શું થાય છે એની ચિંતા કરવાને બદલે જો હું મારું આ હયાત જીવન શાંતિથી, સંતોષથી, આનંદથી પ્રેમ, દયા, કરુણા અને સહિષ્ણુતાથી, પ્રામાણિકતાથી, ખેલદિલીથી, કૃતજ્ઞતાથી જીવું છું, તો સ્વર્ગ અહીં જ છે, અત્યારે જ છે. એ માટે મારે મૃત્યુ સુધી રાહ જોવાની જરૂર પડતી નથી.

જો હું કોઈની ઈર્ષ્યા કરતો નથી, જો હું કોઈનો તિરસ્કાર કરતો નથી, જો હું કોઈનું અહિત કરતો નથી, મને જે કંઈ મળ્યું છે એમાં સંતોષ અનુભવું છું, તો હું આ પળે સુખી જ સુખી છું.

> મને મૃત્યુ પછી સ્વર્ગ મળે એવી લાલચ રહેતી નથી, કારણ કે મને અત્યારે જ સ્વર્ગ મળ્યું છે. હું અત્યારે જ સ્વર્ગ ભોગવી રહ્યો છું. મૃત્યુ

પછી શું થશે એની મને બીક નથી, પણ જો હું એમ જીવી શકતો નથી તો હું મૃત્યુ પછીના સ્વર્ગની કલ્પનામાં રાચું છું.

જો હું સતત ખાલીપણું અનુભવું છું, જો હું સતત ચિંતા અને તનાવમાં જીવું છું, જો હું ઈર્ષ્યા અને તિરસ્કાર કરું છું, જો હું અધીરાઈ અને અધૂરાપણામાં જીવું છું, જો હું પ્રેમ કરી શકતો નથી, જો હું કોઈને કશું આપી શકતો નથી, જો હું કોઈનું લેતાં જરાયે અચકાતો નથી, જો હું કોઈનું ખરાબ કરતાં જરાયે ખચકાતો નથી, જો હું મને જે કંઈ મળ્યું છે એ માટે, ઈશ્વરનો આભાર માની શકતો નથી, તો હું અત્યારે નર્કમાં જ જીવી રહ્યો છું. નર્ક મારા માટે અહીં જ અને અત્યારે જ છે. મારા મૃત્યુ પછી મને સ્વર્ગ મળે એ ખ્યાલ મારી, મારી જાત સાથેની છેતરપિંડી જ માત્ર છે!

જો હું અત્યારે જ નર્ક જેવી સ્થિતિમાં જીવતો હોઉં તો એ નર્ક માટે, મારે મૃત્યુ સુધી રાહ જોવાની જરૂર જ ક્યાં છે? હકીકત તો એ છે કે અત્યારે જ નર્ક જેવું જીવન જીવતો હોવાના કારણે મને સ્વર્ગની કલ્પનામાં રાચવાનું ગમે છે!

મૃત્યુ પછી શું થાય છે કે મૃત્યુ પછી શું થશે એની કોઈને ખબર નથી. મૃત્યુ પછી કોઈ મનુષ્ય પાછો આવીને કહેતો નથી કે એને સ્વર્ગ મળ્યું કે નર્ક! મૃત્યુ પછી શું થાય છે એ એક રહસ્ય છે. મૃત્યુ પછી શું થાય છે એ ધારણાનો વિષય છે. મૃત્યુ પછી શું થાય છે એ બાબતમાં અનેક મતો પ્રવર્તે છે.

દરેક ધર્મો અને ધર્માધિકારીઓ તેમની માન્યતાઓ અને તેમના ઇરાદા પ્રમાણે મૃત્યુની બાબતને આપણી સમક્ષ રજૂ કરે છે. આ બાબતો ભુલભુલામણી જેવી છે. આપણે આ ભુલભુલામણીમાં અટવાઈ જઈએ છીએ. હું મારું સ્વર્ગ કે નર્ક મારી જાતે જ નક્કી કરી શકું.

અત્યારે, જ્યારે હું જીવંત છું ત્યારે મારે મારું જીવન કેવી રીતે જીવવું એ હું નક્કી કરી શકું. જો હું અધકચરું જીવન જીવું છું તો મારા માટે ન તો સ્વર્ગ છે, ન તો નર્ક. અને તો હું વચ્ચે લટકવાનો એ વાત નક્કી થઈ જાય. મારા સંબંધીનું પણ આવું જ છે! મોટા ભાગના માણસો, આ જગતમાં, કમનસીબે આ સ્થિતિમાં છે. આ વચ્ચે લટકવાની સ્થિતિ મને ધર્મના અધિકારીઓની રમતનો ભોગ બનાવે છે. સ્વર્ગની લાલચ મને એ રમત પર આધારિત બનાવે છે.

આ એક રમત છે. મને એની ખબર પણ છે. આ માટે હું જ જવાબદાર છું. માનવજીવનના ઇતિહાસમાં સૌથી વધારે યુદ્ધો ધર્મના નામે થયાં છે. ધર્મ સાથે સંકળાયેલી વિશિષ્ટતાઓ અને વિભિન્નતાઓ, તથા ધર્મ વિશેની અજ્ઞાનતા દરેક માનવ પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા દાખવવાને બદલે માણસ, માણસ વચ્ચે અંતર ઊભું કરે છે. માણસો વચ્ચે વેરઝેર અને હુંસાતુંસી ઊભાં થાય છે.

પરિણામે, હું મારા માનવીય ગુણોને બાજુ પર રાખી એક અનજાન અને ભ્રામક બાબત માટે મારા આ હયાત જીવનને કલુષિત બનાવું છું. સ્વર્ગ અને નર્કના ભ્રામક ખ્યાલોમાં અટવાવાને બદલે મારે મારું આજનું જીવન કેવી રીતે જીવવું છે, એ હું, આજે, મારી જાતે જ નક્કી કરી શકું. સરળ, સ્વચ્છ, પ્રામાણિક અને નિખાલસ જીવન જીવવા માટે મારે શિક્ષિત, સમૃદ્ધ કે સત્તાવાન હોવાની જરૂર નથી. બહારનાં કોઈ પણ આવરણો સિવાય હું મારા માનવીય ગુણોને વિકસવા દઈ શકું.

હું જ્યારે જન્મ્યો ત્યારે આવું કશું લઈને જન્મ્યો નહોતો. મારી જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, ગામ, ગોળ, રાષ્ટ્રીયતા આ બધું મને પછીથી મળ્યું છે. જો હું એ બધામાંથી પર થઈ શકું તો કશાં જ બંધનો કે શરતો સિવાય હું દરેક મનુષ્યને પ્રેમ કરી શકું.

જો હું દરેક મનુષ્યને પ્રેમ કરી શકું તો સ્વર્ગ અહીં જ છે અને તો મારે નર્કના ખ્યાલથી ગભરાવાની જરૂર નથી કે પછી હું વચ્ચે લટકીશ એ બાબતથી બીવાની જરૂર નથી. મારે શું કરવું જોઈએ કે પછી મારે કેવી રીતે જીવવું જોઈએ એ માટે મારે કોઈના પર આધાર રાખવાની જરૂર નથી.

સારા-નરસાનો ભેદ મને ખબર છે. હું શું કરું છું કે પછી મારે શું કરવું જોઈએ એની પણ મને ખબર છે. જો હું સારાં કર્મો કરું છું તો એ સ્વર્ગ છે. જો હું ખરાબ કર્મો કરું છું તો એ નર્ક છે. સ્વર્ગ અને નર્ક મારા હાથમાં છે. સ્વર્ગ અને નર્ક અહીં જ છે. એ માટે મૃત્યુ સુધી રાહ જોવાની જરૂર નથી.

ઈશ્વરની સાક્ષીએ, ઈશ્વરની કૃપા સાથે હું અત્યારે, આ પળે હું જ્યારે જીવંત છું ત્યારે સ્વર્ગનો અનુભવ કરી શકું. હું સ્વર્ગનો અધિકારી બની શકું. મારું જીવન જ સ્વર્ગ બની શકે. હું ન તો નર્કમાં જવાનો છું, ન તો વચ્ચે લટકવાનો છું.

કારણ કે હું સરસ જીવન જીવું છું. હું સ્વચ્છ અને પ્રામાણિક જીવન જીવું છું. હું અડગ અને નિર્ભય જીવન જીવું છું. હું હાસ્યાસ્પદ નહીં, પણ શોભાસ્પદ અને અપમાનિત નહીં, પણ સ્વમાની જીવન જીવું છું.

આ માટે મારે, મારા ઈશ્વર સિવાય કોઈના પર આધાર રાખવાની જરૂર નથી. સ્વર્ગ કે નર્કની પસંદગી મારા હાથમાં છે.

હું ખાતરીપૂર્વક એમ કહી શકું તેમ છું કે હું અત્યારે, આ પળે જ... સ્વર્ગમાં છું! અને એટલે જ મને, મૃત્યુની પણ બીક નથી. આવો, આપણે સૌ ભેગા મળીને સ્વર્ગની અનુભૂતિ કરીએ.

◈

# મકાન, મોટેલ અને ઘર

એક નાનકડા જમીનના ટુકડા પર જાડા-પાતળા વિવિધ જાતના લોખંડ અને લાકડાંના ટેકા વડે સિમેન્ટ, રેતી અને પથ્થરના યોગ્ય મિશ્રણથી ઊભાં કરાતાં છત, દીવાલ અને છજા અને એમાં ઉમેરાય જાતજાતનાં બારીબારણાં અત્યંત આકર્ષક રંગોથી સજાવાય એની અંદર અને બહારની દીવાલો, અને તૈયાર થઈ જાય એક મકાન.

> મકાનો અનેક જાતનાં, નાનાં મકાનો, મોટાં મકાનો, મોંઘાં મકાનો, સસ્તાં મકાનો, નવાં મકાનો, જૂનાં મકાનો, નવી ડિઝાઇનનાં મકાનો કે પછી શિલ્પ અને સ્થાપત્યના નમૂના જેવાં પૌરાણિક મકાનો.

મકાનોના અસ્તિત્વની શરૂઆત થાય એના કોઈ ચોક્કસ હેતુ કે પ્રયોજન અર્થે. પ્રયોજનો પણ અનેક પ્રકારનાં - શાળાઓ થાય, દવાખાનાં થાય, કાર્યાલયો, મ્યુઝિયમો થાય, દુકાનો થાય, ધર્મશાળાઓ થાય, મંદિરો, મસ્જિદો, દેવળો અને ઉપાશ્રયો થાય.

> મકાનોના અસ્તિત્વ સાથે મૂડીરોકાણોને સંબંધ. મકાનોના અસ્તિત્વ સાથે અનેક માણસો સંકળાય. વેચનાર, લેનાર, બાંધનાર, વાપરનાર, અને આ બધું સળંગ ચાલ્યા કરે. મકાનોના આ અસ્તિત્વ અને નિભાવટ સાથે નફા-નુકસાનને સીધો સંબંધ. મકાનો આ સંદર્ભમાં વેપારનો વિષય.

મકાનોના આ સમગ્ર ખ્યાલ સાથે અનેક માણસો, અઢળક નાણાં અને વિવિધ લાગણીઓ સંકળાયેલાં. મકાન માણસના રોજિંદા જીવનનો એક મહત્ત્વનો ભાગ. માટી અને વાંસ-વેલાથી, ખેતરના એક ખૂણે પોતાના હાથેથી ખેડૂતે બાંધેલી એક ઝૂંપડી કે પછી ન્યુ યૉર્ક શહેરની એ ગગનચુંબી બહુમાળી ઇમારતો. મકાનની કિંમત એની જગ્યા, વિસ્તાર અને ઉપયોગના સંદર્ભમાં કરી શકાય.

> કારખાનાં રોજીરોટીનાં સ્થળ. દવાખાનાં જીવન-મરણનો જંગ. કાર્યાલયો રોજિંદા જીવનનો સંગ. મંદિરો, મસ્જિદો... આધ્યાત્મિક જીવનનો રંગ.

મકાનોને ચોક્કસ આયુષ્ય કાળ. જર્જરિત મકાનો તોડી નખાય, નવાં મકાનો ઊભાં કરાય. દુનિયાની અજાયબીઓ જેવાં મકાનો સદીઓ સુધી સચવાય.

મોટેલ પણ એક જાતનું મકાન. નાની મોટેલ, મોટી મોટેલ, મોંઘી મોટેલ, સસ્તી મોટેલ, જૂની મોટેલ, નવી મોટેલ, સ્વતંત્ર મોટેલ કે પછી ફ્રેન્ચાઇઝ મોટેલ. એક બેડ, બે બેડ, સ્મોકિંગ, નોનસ્મોકિંગ એચબીઓ, ઇન્ટરનેટ કે સવારનો ફ્રી નાસ્તો કે પછી ખાસ સગવડોવાળી અલાયદી ખાસ 'સ્વીટ.'

એક જમાનામાં મુસાફરીએ જતાં-આવતાં વટેમાર્ગુઓ માટે ધર્મશાળાઓની વ્યવસ્થા હતી. કાં તો વિનામૂલ્યે જૂજવી રાહતો અપાતી કે પછી સામાન્ય વળતર સાથે સારી સેવાઓ અપાતી. એ સેવા અને મદદની ભાવનાવાળી ધર્મશાળાઓ આધુનિક જમાનાની બદલાયેલી તાસીર પ્રમાણે સસ્તી કે મોંઘી... મોટેલો બની!

સામાન્ય રીતે મોટેલના મુસાફરો ચોવીસ કલાક માટે એ જગ્યાનો ઉપયોગ કરે. વૅકેશન લઈને ચોક્કસ ઉપયોગ અર્થે એક અઠવાડિયા માટે પણ ઉપયોગ થાય. ક્યારેક વિશિષ્ટ ઉપયોગ અર્થે આ જગ્યા એકાદ માસ માટે પણ ભાડે રાખી શકાય. હમણાં હમણાં લોકોની બદલાતી જરૂરિયાતો પ્રમાણે કલાકના દરે પણ કેટલીક મોટેલો કામ કરે છે!

મોટેલ એક કામચલાઉ રહેઠાણની જગ્યા. સરસ ઓરડો હોય, એક બેડ હોય, સંડાસ-બાથરૂમ હોય, વીજળી અને ગરમ-ઠંડા પાણીની વ્યવસ્થા હોય, નક્કી કરેલા નીતિનિયમો હોય, વર્તનના નિયંત્રણ માટે કાયદાકાનૂન હોય.

મોટેલ એક વ્યવસ્થિત વેપાર છે. મોટેલ એક સગવડ છે. મોટેલ એક કામચલાઉ રહેઠાણ છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વેપારી-ગ્રાહકનો સંબંધ છે. મોટેલને નફા-તોટા સાથે સંબંધ છે.

મોટેલ આધુનિક જીવનની એક અનિવાર્ય જરૂરિયાત છે. મોટેલ કેટલાક લોકો માટે 'બીજું ઘર' છે. ઘર જેવી સગવડો આપતું આ મકાન 'ઘર' નથી. મોટેલ એ ઘર નથી. મોટેલ એ મોટેલ છે.

મોટેલમાં કામ કરતા કર્મચારીઓ કુટુંબીઓ નથી. મોટેલમાં આવતા-જતા માણસોના સંબંધો 'ધંધા અર્થે - બિઝનેસ રિલેટેડ' છે. સંબંધોની ભાત ઔપચારિક છે. સંબંધો નીતિનિયમો અને કાયદા દ્વારા નિયંત્રિત છે. વેપાર, નફો પ્રાથમિક હેતુ છે, સગવડો, સેવા ગૌણ હેતુ છે.

મોટેલ એક મકાન છે. મોટેલ એ ઘર નથી. મોટેલ ઘર બની શકે નહીં, કારણ કે એમાં લાગણીનું જોડાણ નથી, 'પોતીકા'ની ભાવના નથી, હાશ અને નિરાંતનો અનુભવ નથી, સથવારો અને સુરક્ષિતતા નથી. મોટેલમાં કદાચ ઘર કરતાં પણ વધારે સારી સગવડો હોઈ શકે, પણ... મોટેલ એ મોટેલ છે!

> ઘર પણ એક મકાન છે, પણ આ એક જુદી જ જાતનું મકાન છે. મકાન ખરીદી શકાય. મકાન વેચી શકાય. ઘર બનાવવું પડે!

ઘર બનાવવામાં કેટલાક મહત્ત્વના મરી-મસાલા જોઈએ. રેતી, સિમેન્ટ, લોખંડ અને લાકડાંથી મકાન બને, પણ ઘર તો બને છે એમાં રહેતા કુટુંબીઓના લાગણીઓના ધબકારાથી. કાર્યાલયમાં કર્મચારીઓ હોય, દવાખાનામાં દાક્તરો-દર્દીઓ હોય, મંદિરમાં ભક્તો અને પૂજારીઓ હોય, મોટેલમાં કર્મચારીઓ અને ગ્રાહકો હોય, ઘરમાં તો કુટુંબીઓ અને સ્વજનો હોય.

> ઘરને વડીલનું છાપરું હોય, ઘરના સૌ સભ્યોના ટેકા હોય, પ્રેમ એ ઘરના સભ્યોનો શ્વાસ હોય, પરસ્પરનું માન એ ઘરનો રંગ હોય, સહકાર એ ઘરનું ખાણું હોય, વિશ્વાસ એ ઘરનો પ્રાણ હોય, ખુલ્લો વિચારવિમર્શ એ હૃદયોના ધબકાર હોય.

ઘરને એના કદ, આકાર, રંગ સાથે સંબંધ નથી. ઘરને એની આર્થિક કિંમત સાથે સંબંધ નથી. ઘરને એની સગવડો સાથે સંબંધ નથી. ઘરને એમાં રહેતા એ માનવો સાથે સંબંધ છે. ઘર એ અનુભૂતિનો વિષય છે.

> એમ કહેવાય છે કે 'અમે એક હાઉસ લીધું.' એમ કહેવાય છે કે 'અમે એક મકાન લીધું.' એમ કહેવાય છે કે 'અમે એક પ્રૉપર્ટી લીધી.' એમ કહેવાય છે કે 'અમે એક મોટેલ લીધી.' વેપારના, નફા-તોટાના આ જગતમાં મકાનો તો વેચાતાં મળે છે, ઘર વેચાતાં મળતાં નથી, કોઈ પણ કિંમતે!

જમીન લીધી. મકાન બાંધ્યું. અમે એમાં રહેવા ગયા. રહીએ પણ છીએ... પણ એ મકાનમાં 'ઘર'ની અનુભૂતિ થતી નથી. એ મકાન 'ઘર' બની શકતું નથી! બદલાયેલા જમાનાની આ તાસીર છે. મોટાં મકાનો તો લેવાય છે, પરંતુ એ મકાનો, મકાનો જ રહી જાય છે, એ મકાનો ઘર બની શકતાં નથી, કારણ કે એ મકાનોના પાયામાં પ્રેમ, માન અને વિશ્વાસની ભાવનાને બદલે નફા-નુકસાનની વેપારી ગણતરી પડેલી છે. મૂડીરોકાણો કે પ્રતિષ્ઠાના ઇરાદે બંધાયેલું એ મકાન... ઘર કેવી રીતે બની શકે?

મકાનો મોટાં થતાં જાય છે, માણસોનાં દિલ નાનાં થતાં જાય છે. ફાયદો અને સ્વાર્થ મોટા થતા જાય છે, પ્રેમ અને વિશ્વાસ ઓછા થતા જાય છે. મકાનોની સંખ્યા વધી છે, ઘરોની સંખ્યા ઘટવા માંડી છે!

મજા, મસ્તી, આનંદ, હર્ષ, ઉલ્લાસ, કિલ્લોલ હૂંફ, હોંશ, સથવારો, તોફાન, ખેંચાખેંચી રિસામણાં, મનામણાં, અબોલા, માન, સન્માન, ભાઈચારો પ્રેમ, વિશ્વાસ, આત્મીયતા, સ્વીકાર, સહકાર, સમજૂતી ધીરજ, બલિદાન, તત્પરતા, ખુમારી, ખુદ્દારી, મર્દાનગી.

ઘરમાં રહેતા એ માણસો 'કુટુંબ' કહેવાય. કુટુંબના સભ્યો એકબીજાની હાજરીને માણે છે. એકબીજાની લાગણીઓને અનુભવે છે. સતત સંપર્કમાં રહે છે. પ્રામાણિક અને તાત્કાલિક વિચારવિમર્શ દ્વારા વૈયક્તિક વિચારો, અભિપ્રાયોને આવકારે છે. પરસ્પરના કલ્યાણમાં રસ લે છે. કૌટુંબિક કલ્યાણ અને સુખાકારી ખાતર અંગત ઇચ્છાઓ અને અપેક્ષાઓ સાથે સમાધાન કરે છે. અંગત પ્રશ્નો માટે બાહ્ય પરિબળો પર આધાર રાખતા નથી. ભેગા બેસી, સમાધાન અને સમાપન કરે છે. આપે છે. વહેંચે છે. સહન કરે છે. ચલાવી લે છે. જમાનાની તાસીર બદલાઈ. માણસોનાં મગજ બદલાયાં. ઇચ્છાઓ અને અપેક્ષાઓ બદલાઈ. મકાનો બંધાતાં ગયાં, ઘરો તૂટતાં ગયાં! સમૃદ્ધિ વધતી ગઈ, શાંતિ ઓછી થતી ગઈ!

મોટા મકાનમાં વિશાળ બેડરૂમમાં મોંઘા પલંગ પર એ પતિપત્ની, અવળાં ફરીને સૂઈ જાય છે!

મોટા મકાનમાં, અલગ અલગ કમરાઓમાં કુટુંબના એ સભ્યો, બંધ બારણે ઇન્ટરકૉમ કે ઈ-મેઇલ દ્વારા જરૂર જેટલો સંપર્ક સાચવી રાખે છે!

મકાનો છે, માણસો છે, ઘર નથી. કુટુંબીઓ નથી. મકાનો છે, મિલકતો છે, સુખ નથી. શાંતિ નથી!

મકાન મોટું, દિલ નાનું. મોટા મકાનમાં રહેતો આ નાના દિલવાળો માણસ અકળામણ અનુભવે છે. મોટા મકાન અને નાના દિલને 'મૅચિંગ' થતું નથી. દિલ મોટું કરવાને બદલે એ મકાન મોટું કર્યા કરે છે. અકળામણ વધ્યા કરે છે! 'દુ:ખે છે પેટ અને કૂટે છે માથું!' આ પણ એક અજીબ દાસ્તાન છે.

ચહેરા પર નૂર નથી અને દીવાલો આકર્ષક રંગોથી સજાવે છે. સંબંધીઓની ખોટ અને કુટુંબીઓની હૂંફના અભાવની લાગણીને પૂરી કરવા એ મોંઘા ફર્નિચરથી ઓરડાઓ ભરી દે છે. આ ઘર નથી. આ તો મ્યુઝિયમ છે. અહીં મહેમાનો નહીં, પણ મુલાકાતીઓ આવે છે અને એટલે જ મહેમાનોની લાગણીઓના ધબકારની અનુભૂતિ કરવાને બદલે, એમને આંજી નાખવા એમને મારા કરતાં ઓછા સાબિત કરવા મારા અહમ્‌ને આકાશી ઊંચાઈ આપવા મારા મ્યુઝિયમ જેવા મકાનની હું એમને 'ટૂર' કરાવું છું. 'ચાલો, તમને મારું મકાન બતાવું' તમને મારું મકાન જોવું ગમે કે ન ગમે, પણ મારી સમૃદ્ધિના પ્રતીકસમા મારા મકાનને જોઈને તમારા ચહેરા પર ઊભરાતા એ અધૂરપના ભાવો જોઈને મને અનહદ આનંદ થાય છે! સુદામાની ઝૂંપડીએ કૃષ્ણને થોડાક દાણામાં સંતૃપ્તિ થઈ હતી. મારા અહમ્‌ના પ્રતીકસમા મારા આ મકાનમાં મારા મહેમાનોને શિખંડમાં ગળપણનો સ્વાદ આવવાને બદલે શિખંડ ખાટો લાગે છે. મકાન છે, પણ 'ઘર'નો અહેસાસ થતો નથી, પોતીકાપણું અનુભવાતું નથી.

નિરાંતે બેસીને વિચારું કે હું મારા આ મકાનને 'આપણું ઘર' કેવી રીતે બનાવી શકું!

◈